ગાંધીનગર સમાચાર
તા. ૧૪-૮-૨૦૧૩, બુધવાર

તંત્રી સ્થાનેથી.....

જમ્મુ-કાશ્મીર અને ગુજરાતને એક ત્રાજવે તોલવાનો ખતરનાક અભિગમ

જમ્મુ-કાશ્મીર ફરી એકવાર ભારત માટે શિરદર્દ સાબિત થઈ રહ્યું છે. જમ્મુ પંથકના હિંદુઓ પર પણ સ્થાનિક અલગતાવાદીઓએ જુલમ શરૂ કરીને એમની ખોરી દાનતનો પરચો બતાવી દીધો છે. એવું નથી કે જમ્મુ વિસ્તારમાં કિશ્તવાડ ખાતે કે પુંચ ખાતે બન્યું એનું અગાઉ નથી બનેલું. આ મુદ્દે જમ્મુ અને કાશ્મીરના યુવાન મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લા અને એમના પ્રતાપી પિતા કેન્દ્રીય મંત્રી ડો. ફારુક અબ્દુલ્લા ખૂબ જ સ્પષ્ટ છે. જાણે આ અત્યંત સામાન્ય ઘટના હોય એમ એનાથી બે પૈકી એકેય વિચલિત થયેલ નથી. જયારે વરિષ્ઠ કેન્દ્રીય મંત્રી પી. ચિદંબરમે જણાવ્યું કે, આખી બબાલ પાકિસ્તાન તરફી સૂત્રો પોકારવાની ફલશ્રુતિ લેખે ઊભી થઈ હતી ત્યારે ઓમર અબ્દુલ્લાએ કોઈપણ જાતની શેહ શરમ વગર ટિવટર પણ લખી દીધું કે આવું તો છેલ્લા બાવીસ વર્ષથી બનતું આવ્યું છે. પાકિસ્તાનના ઝંડા ફરકાવવા કે ભારતવિરોધી સૂત્રોચ્ચાર કરવો એ આ વિસ્તાર માટે કોઈ નવાઈની વાત નથી. બાપદીકરાએ એટલેથી ન અટકતાં સીધો ગુજરાતનો હવાલો આપી ૨૦૦૨ના ઓછાયા હેઠળ પોતાના રાજયમાં બનેલી સાંપ્રદાયિક હિંસાની ઘટના નગણ્ય હોવાનું જણાવ્યું. એમણે કહ્યું કે અમારા ગૃહરાજય મંત્રીની હાજરમાં આવા હિંસક હુમલા થયા એવી જાણ થતાંની સાથે અમે મંત્રીનું રાજીનામું લઈ લીધું. ગુજરાતમાં આનાથી અનેકગણી મોટી કોમી હિંસા થયા છતાં સરકાર આંખ આડા કાન કરીને તમાશો જોતી બેસી રહી હતી તે યાદ કરો. નરેન્દ્ર મોદીએ એમના ગૃહરાજયમંત્રીનું રાજીનામું નહોતું માગી લીધું. દેશના નેતાઓમાં આ પ્રકારની સામા માણસનો વાંક જોવાની વૃત્તિ વિકસી રહી છે તે ખરેખર ખતરનાક બાબત છે. એમાં પણ જમ્મુ અને કાશ્મીર જેવા સંવેદનશીલ રાજયના મુખ્યમંત્રી અને સૌથી વરિષ્ઠ નેતા- બેઉ પિતાપુત્ર પોતાની સરકારની નિષ્ક્રિયતાનો દોષ છાવરવા ગુજરાતના મુખ્યમંત્રીની તથાકથિત નિષ્ક્રિયતાનો હવાલો આપી છટકી જવા મથે તે બરાબર નથી. જમ્મુ-કાશ્મીર અને ગુજરાતને એક ત્રાજવે તોલવાનો આ અભિગમ ઘણો ખતરનાક નીવડી શકે. બેઉ રાજયોની ભૌગોલિક અને રાજકીય પરિસ્થિતિમાં આસમાન-જમીનનું અંતર છે. ગુજરાતની સાંપ્રદાયિક ઘટના પાછળ સાબરમતી એક્સપ્રેસમાં ગોધરા સ્ટેશન પર કોમવાદી તત્વોએ કરેલો ઘાતકી હુમલો કારણરૂપ હતો. સામાન્ય સંજોગોમાં ગુજરાતમાં ભારે સાંપ્રદાયિક સૌહાર્દનું વાતાવરણ પ્રવર્તે છે. ઈ.સ. ૨૦૦૨નાં એ કમનસીબ રમખાણે પછી છેલ્લાં બાર વર્ષથી ગુજરાતમાં કોમી તોફાનો થયાં નથી. જયારે જમ્મુ-કાશ્મીરમાં તો ઘૂસણખોરી કરીને આવતાં સરહદ પારનાં તત્ત્વો આંતરે દિવસે દહેશતગર્દી ફેલાવતા રહે છે. જમ્મુ-કાશ્મીરમાં તો કોઈપણ પ્રકારના વાંક ગુના વગર જ ત્યાંની લઘુમતી પર જુલમ કરાતો રહ્યો છે. કાશ્મીર ખીણમાંથી પંડિતોની સંપૂર્ણ હકાલપટ્ટી કરાઈ છે અને હવે એ જ પદ્ધતિથી જમ્મુ વિસ્તારના હિંદુઓને હેરાન-પરેશાન કરી હિજરત કરવા મજબૂર બનાવવાના કારસા ઘડાઈ રહ્યા છે. કેન્દ્ર સરકારે આ બાબત પરત્વે ગંભીર બનવું જ રહ્યું કારણ કે જે કંઈ બને છે તેની પાછળ સરહદ પારનાં કટ્ટરવાદી પરિબળો અને પાક આર્મી તથા કુખ્યાત આઈએસઆઈનો સક્રિય ટેકો હોય છે. આ પરિસ્થિતિને ઊગતી જ ડામી દેવાની જરૂર છે. જો એમાં ગફલત ખાધી તો ભારતને એની પાઘડી અને માથું-બેઉ ગુમાવવાની નોબત આવી શકે છે.

જિલ્લાકક્ષાની સ્કેટીંગ સ્પર્ધામાં વિજેતા

જિલ્લા કક્ષાની સ્કેટીંગ સ્પર્ધા તાજેતરમાં યોજાઈ હતી. જેમાં ભાઈઓ અને બહેનોના અલગ ગૃપમાં અંડર-૧૧, ૧૪, ૧૭ અને ૧૯ યોજવામાં આવી હતી. કોર્ડ અને ઈનલાઈન સ્કેટમાં ભાગ્યેશ્રી, દેવાંશી અને હર્ષ પ્રથમ ક્રમે, જીગર દ્વિતિય ક્રમે અને પૃથ્વી હર્ષીલ, ખુશી, આરજુ, હર્ષીએ તૃતિય સ્થાન મેળવ્યું હતું. ભાર્ગવ આયર દ્વારા ખેલાડીઓને સ્કેટીંગની તાલીમ આપવામાં આવી હતી. તમામ વિજેતાઓ આગામી સમયમાં રાજયકક્ષાની સ્પર્ધામાં ભાગ લઈ ગાંધીનગરનું નામ રોશન કરે તેવી શુભેચ્છા પાઠવવામાં આવે છે.

પી.કે.ચૌધરી મહિલા આર્ટસ કોલેજનો ક્રોસ કન્ટ્રી સ્પર્ધામાં સુંદર દેખાવ

ગાંધીનગર, તા.૧૩

ગુજરાત યુનિવર્સિટી સાઉથ ઝોન ઈન્ટર કોલેજ ક્રોસ કન્ટ્રી તાજેતરમાં આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ ધોળકાના યજમાન પદે યોજાઈ હતી. જેમાં પી.કે.ચૌધરી મહિલા કોલેજની ટીમે સુંદર દેખાવ કરીને કોલેજનું ગૌરવ વધાર્યું છે. તાજેતરમાં યોજાયેલ ક્રોસ કન્ટ્રી સ્પર્ધામાં પી.કે. મહિલા આર્ટસ કોલેજની વિદ્યાર્થીનીઓએ ઉત્કૃષ્ટ દેખાવ કર્યો હતો. જેમાં ચારેલ સીતા વી., ચૌધરી સીતા બી., ચૌધરી મંજુલા જે., ચૌધરી વર્ષા આર., ધોરીયા કેલાસ એચ. અને પટેલ ગીતા બી.એ ટીમને રનર્સ અપ બનાવી હતી. ટીમની ખેલાડી ચારેલ સીતા વી. સારો દેખાવ કરી સેકન્ડ નંબરે આવતા આ ખેલાડી અમદાવાદ ઝોન સામે ઈન્ટરઝોનલ રમવા માટે જશે. વિજેતા ખેલાડીઓને વ્યાયામના પ્રોફેસર વિનોદભાઈ ચૌધરી અને કોલેજના આચાર્ય ડૉ. ઉર્મિલાબેન ચૌધરી સહિત કોલેજ પરિવારે ખેલાડીઓને અભિનંદન પાઠવી શુભેચ્છા આપી હતી.

આજે શહેર વસાહત મહામંડળ દ્વારા ઈનામ વિતરણનું આયોજન

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગરના ૪૯મા સ્થાપના દિન નિમિત્તે ગાંધીનગર શહેર વસાહત મહામંડળ દ્વારા ચિત્ર સ્પર્ધા, સૂત્ર સ્પર્ધાનું આયોજન થયું હતું. સ્પર્ધામાં વિજેતા વિદ્યાર્થીઓને ઈનામ આપવાનો કાર્યક્રમ આજે કડી વિદ્યાલય કેમ્પસના ફાર્મસી કોલેજના બ્રહ્માણી હોલ ખાતે સવારે ૯ થી ૧૦ કલાક દરમિયાન યોજાશે.

કડી સર્વ વિદ્યાલય કેળવણી મંડળની શાળાઓ તથા ઈનર શાળાઓના વિદ્યાર્થીઓ માટે ચિત્ર સ્પર્ધા અને સૂત્ર સ્પર્ધા યોજાઈ હતી. જેના અનુસંધાને ગાંધીનગર શહેર વસાહત મંડળ દ્વારા આજે ઈનામ વિતરણ કાર્યક્રમ યોજાશે. આ પ્રસંગે ટેલિફોન માર્ગદર્શિકાનું પણ લોકાર્પણ કરવામાં આવશે. આ ઉપરાંત વસાહત મહામંડળની સેવાકીય પ્રવૃત્તિઓને સંકલિત કરતી અને પ્રતિમાસ હરિદ્વારમાં અસ્થિ વિસર્જન સેવા કરાતી હોવાની બાબતને આવરી લેવાતી સી.ડી.નો લોકાર્પણ કાર્યક્રમ યોજાશે.

મહામંડળના જોડાએલા વસાહત મંડળો, ગાંધીનગરની સેવાકીય, સામાજિક સંસ્થાઓના તમામ પદાધિકારીઓ અને સેવાભાવી નાગરિકોને કાર્યક્રમમાં સહભાગી થવા ખાસ જણાવ્યું છે. ઉપસ્થિત રહેનારને ડિરેક્ટરી પણ આપવામાં આવશે.

આજે આનંદનો ગરબો યોજાશે

ગાંધીનગરના સેકટર-૨-ડી ખાતે આજે આનંદના ગરબાનું સુંદર આયોજન કરવામાં આવ્યું છે. ભાવનાબેન ગોકલાણી દ્વારા જાગૃતિબેન ટેઈલર પ્લોટ નં. ૧૬૯૭/૨, સેકટર-૨-ડી, સ્વામિનારાયણ મંદિર પાછળ, શોપીંગ સેન્ટરની સામે આજે તા.૧૪મી ઓગષ્ટે બપોરે ૨.૩૦ થી ૫.૩૦ કલાક દરમિયાન આનંદનો ગરબો યોજાશે. આ ધાર્મિક કાર્યક્રમનો લાભ લેવા ખાસ જણાવાયું છે.

સી.એમ. હાઈસ્કુલ ખાતે વાલી બેઠક યોજાઈ

ગાંધીનગર, તા.૧૩

શેઠ સી.એમ. હાઈસ્કુલ એન્ડ હાયર સેકંડરી સ્કુલ દ્વારા ગત રોજ ધો-૧૨ના અભ્યાસ કરતા વિદ્યાર્થીઓના વાલીઓની વાલી મિટિંગનું આયોજન કરવામાં આવ્યું હતું.

ધો-૧૨ વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓના વાલીઓ સાથે શાળા પરિવાર દ્વારા સહ ચિંતન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆત હિન્દુ સંસ્કૃતિ પ્રમાણે પ્રાર્થના દ્વારા કરવામાં આવી હતી. શાળા પરીવાર દ્વારા વિદ્યાર્થીઓના વિકાસમાં વાલીઓનો શો ફાળો રહેલો છે તેના ઉપર વિસ્તૃત માહિતી આપી હતી. તેમજ વિદ્યાર્થીઓના હિતમાં શાળા પરિવાર શું ભાગ ભજવે છે તે વિષય પર પણ મહત્વની ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. વાલી મિટીંગમાં ધોરણ-૧૨-ડીના વિદ્યાર્થી પલ્લવ-પન્નવના વાલી આશિષભાઈ બોરીસાગર કે જેઓ પાઠયપુસ્તક મંડળના ગણિત વિષયના સંયોજક છે તેમણે ખુબ જ હકારાત્મક અભિગમ દ્વારા જે.ઈ.ઈ.માટેની તૈયારીનું સૂચન કર્યુંહતું સમગ્ર કાર્યક્રમમાં શાળાના આચાર્ય બી.કે. પટેલ, વર્ગ શિક્ષકોબી.એ. પટેલ, આર.એચ. પટેલ તથા શાળાના સુપર વાઈઝર નટુભાઈ લાડાણી ઉપસ્થિત રહ્યા હતાં.

આ સાહેબ આપણને જોઇ ગયા છે... કહે છે...પાંચ ગેઇમના પચ્ચીસ રૂપિયા... રમવુ છે કે પછી અંદર જવું છે...!!

ગાંધીનગરની ટેલિફોન માર્ગદર્શિકા સીડીનું લોકાપર્ણ આજે યોજાશે

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગરના સ્થાપના દિન નિમિત્તે ગાંધીનગર શહેર વસાહત મહામંડળ દ્વારા ઉજવણી કરવા આવી હતી. જેમાં કડી સર્વ વિદ્યાલય કેળવણી મંડળની શાળાઓ તથા શહેરી શાળાઓ દ્વારા ચિત્ર સ્પર્ધા- સુત્ર સ્પર્ધાનું આયોજન થયું હતું. તેમાં વિજેતાઓને ઈનામ વિતરણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

તા. ૧૪મી ઓગસ્ટના સવારે ૯.૦૦ કલાકે કડી સર્વ વિદ્યાલય કેમ્પસમાં બ્રહ્માણીકૃપા હોલ ખાતે વસાહત મંડળ દ્વારા તૈયાર કરવામાં આવેલ ટેલિફોન માર્ગદર્શિકાનું લોકાર્પણ થશે.

ગાંધીનગરની પ્રવૃત્તિઓમાં અગ્રેસર સાથે સેવાકીય પ્રવૃત્તિઓમમાં મોખરે રહેલ વસાહત મહામંડળ દ્વારા સેવાકીય પ્રવૃત્તિઓનું હરદ્વાર ખાતે થતા અસ્થિ વિસર્જન સેવાની સીડી પણ લોકાપર્ણ કરવામાં આવશે.

આ કાર્યક્રમમાં વસાહત મંડળો, સેવાકીય સામાજિક સંસ્થાના પદાધિકારીઓને આમંત્રણ છે. ઉપસ્થિત રહેનાર સૌને ડીરેકટરી આપવામાં આવશે.

પેથાપુરની મ.ભ. શાળાનું ગૌરવ

ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગર શહેરના સે-૨૧ ખાતે યોજાયેલ જિલ્લા કક્ષાની જુડો કરાટે સ્પર્ધામાં ભાઈઓ-બહેનોની અંડર-૧૪, ૧૭ અને ૧૯માં પ્રથમ અને દ્વિતિય સ્થાન મેળવીને ખેલાડીઓએ શેઠ મનસુખભાઈ ભગુભાઈ પ્રાથમિક શાળાનું ગૌરવ વધાર્યું છે.

શહેરના સે-૨૧ ખાતે યોજાયેલ જિલ્લા કક્ષાની ભાઈઓ અને બહેનોની જુડો કરાટે સ્પર્ધા તા. ૫, ૬ ઓગસ્ટના રોજ યોજાઈ હતી. જેમાં ઠાકોર ગાયત્રી ભીખાજીએ ૨૭ કિલો વજનમાં, પટેલ ધારાબેન જગજીવનરામ ૩૨ કિલોમાં, વાઘેલા નિલમ મહેન્દ્રસિંહ ૩૬ કિલો, વાઘેલા જીનલ વિજયસિંહ ૪૦ કિલો, ઠાકર ભૂમિબેન મુકેશકુમાર ૪૪ કિલો, ડાભી ભાવિકસિંહ જિતેન્દ્રસિંહ ૨૫ કિલો, કોટડ જયદિપકુમાર અર્જુનભાઈ ૫૦ કિલો વજનમાં પ્રથમસ્થાન મેળવેલ છે. જયારે અન્ડર-૧૭માં ચૌહાણ સપના દિલિપસિંહ ૩૬ કિલો, વાઘેલા દેવરાજ અજીતસિંહ ૪ કિલો, પ્રજાપતિ પ્રવિણ ચમનભાઈ ૫૦ કિલો, ચૌહાણ સાહિદ આલમભાઈ ૬૦ કિલો, મનસુરી સોહિલ મનવરભાઈ ૭૦ કિલો વજનમાં વિજેતા થયા હતા.

જયારે અન્ડર ૧૯માં પ્રજાપતિ વિશાલ બાબુભાઈ ૩૬ કિલો, પરમાર પૂજાબેન મસરાજી ૪૦ કલો, પરમાર દિપિકાબેન રાજુભાઈ ૪૪ કિલો, વાઘેલા કિશનસિંહ પંકજસિંહ ૪૦ કિલો, ડાભી દેવેન્દ્રસિંહ નારણસિંહ ૫૫ કિલો, વાઘેલા રવિન્દ્રસિંહ દશરથસિંહ ૬૦ કિલો પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યો હતો. જયારે અન્ડર-૧૪ માં બારોટ જાનકી જગદીશભાઈ ૨૩ કિલો, દરજી ધવલ વિષ્ણુભાઈ ૩૫ કિલો, દવે મુકુંદભાઈ મહેન્દ્રભાઈ ૪૫ કિલો વજનમાં દ્વતિય નંબર પ્રાપ્ત કર્યો છે.

અન્ડર-૧૭માં પરમાર પ્રિતિબેન રમેશભાઈ ૫૨ કિલો, વાઘેલા જયપાલસિંહ ધર્મેન્દ્રસિંહ ૫૫ કિલોમાં જયારે અન્ડર-૧૯માં રબારી અંકિત મોહનભાઈ ૪૫ કિલો વજનમાં વિજેતા બન્યા હતા. વિજેતા તમામ ખેલાડીઓએ શાળા અને ગામનું ગૌરવ વધાર્યું છે. શાળાના આચાર્ય ભાવનાબેન પટેલ અને વ્યાયામ શિક્ષક હરેશભાઈ પટેલે તમામ ખેલાડીઓને શુભેચ્છા સહ અભિનંદન પાઠવ્યા હતા.

શહેર પેન્શનર્સ સમાજનો ૧૫મીએ ધ્વજવંદન કાર્યક્રમ

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજ દ્વારા ૧૫મી ઓગષ્ટની ઉજવણી કરવામાં આવી રહી છે. જેમાં પેન્શનર્સસમાજના સર્વે હોદ્દેદારો, પ્રતિનિધિઓને ઉપસ્થિત રહેવા જણાવાયું છે.

દર વર્ષની જેમ ૧૫મી ઓગષ્ટે ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજ દ્વારા સવારે ૧૦ કલાકે સંસ્થાના પ્રમુખ ડાહ્યાભાઈ પ્રજાપતિના વરદહસ્તે ધ્વજવંદન કાર્યક્રમ સંસ્થાના કાર્યાલય, સ્વસ્તિક કોમ્પલેક્ષ, સેક્ટર-૨૨ ખાતે યોજાશે. સમાજના સર્વે હોદ્દેદારો, કારોબારી સભ્યો, સેક્ટર પ્રતિનિધિઓ અને સર્વે પેન્શનર સભ્યોને ધ્વજવંદન કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા પ્રવરમંત્રી ડી.પી. સંઘાણીએ જણાવ્યું છે.

રોટરી કલબ ઓફ ગાંધીનગર દ્વારા કૈલાસધામમાં ધ્વજવંદન યોજાશે

ગાંધીનગર, તા.૧૩

રોટરી કલબ ઓફ ગાંધીનગરના સભ્યો દર વર્ષની જેમ આ વર્ષે પણ તા. ૧૫ ઓગષ્ટ ગુરુવારના રોજ કૈલાસધામની મુલાકાત લેશે અને વડિલોના આર્શીવાદ મેળવશે. આ પ્રસંગે યોગ-પ્રાણાયામ થશે સુંદર વકતવ્યનું પણ આયોજન કરવામાં આવ્યું છે.

ગાંધીનગરના જાણીતા યોગગુરુ સુરી દ્વારા ૧૦.૧૫ થી ૧૦.૪૫ સુધી યોગ અને પ્રાણાયામ વિષે વકતવ્ય ૧૫મી ઓગષ્ટે યોજાશે. ત્યારબાદ ૧૦.૪૫થી બપોરે ૧૨.૧૫ વડીલોસાથે રમતગમત તથા ગીતો-ભજનનો કાર્યક્રમ યોજાશે. બાદમાં રોટેરીયન કમલ કિશોર જૈન દ્વારા વડીલો માટે જમવાની વ્યવસ્થા કરવામાં આવી છે. સૌ વૃદ્ધાશ્રમના વડિલોને ભોજન આપવામાં આવશે. સંસ્થાના સભ્યો વડીલોને ભેટ કે જીવન જરુરી ચીજવસ્તુઓ આપવા ઈચ્છતા હોય તો સાથે લેતા આવવા જણાવાયું છે. કાર્યક્રમમાં જોડાવા ઈચ્છતા સંસ્થાના સભ્યોએ કેટલા વ્યકિત આવવાના છો તેની જાણ રોટેરીયન દિલિપભાઈ પટેલને કરવાની રહેશે. સ્વાતંત્ર પર્વના પાવન પ્રસંગે વૃદ્ધાશ્રમની મુલાકાત લઈને સૌ વડીલો ના આનંદમાં વધારો કરીને તેમના આર્શીવાદ મેળવીએ તો સંસ્થાના સૌ સભ્યોએ અચુક હાજર રહેવા પ્રમુખ રાહુલ મહેતાએ જણાવ્યું છે.

બાળક પોતાની મરજીથી જન્મ ધારણ કરતું નથી... બાળકને જન્મ આપી તેનો ત્યાગ કરવો તે નરી ક્રુરતા છે...

સમાજ ચિંતન
પોપટલાલ પ્રજાપતિ

એક નાનકડી વાતમાં જીદે ચઢેલું દંપતિ નિર્દોષ બાળક માટે કેવી સમસ્યા સર્જે છે તેની હૃદયસ્પર્શી ઘટના સમાજને ચિંતન કરવા મજબૂર કરે તેવી છે. ફકત ત્રણ વર્ષની દીકરી ગુડીયાને આખો દિવસ તો સૌ રમાડતા, તેને રમકડા લાવી આપતા પણ રાત પડે તેને મમ્મીની યાદ આવે છે તે સતત રડ્યા કરે છે. મને મમ્મી પાસે લઈ જાઓ... મારી મમ્મી ક્યાં ગઈ??... તેનું આક્રંદ પત્થર હૃદયના માનવીના હૈયાને હચમચાવી દે તેવી કરુણતા સર્જે છે. તેના પપ્પા ગુડીયાને છાની રાખવા ખુબ પ્રયત્ન કરે છે. પણ બાળકોને સાચવવાનું કામ પુરુષો ક્યારેય ન કરી શકે... ક્યારેક આવેશમાં આવી જઈ નાનકડી ગુડીયાને પપ્પા ધોલ-ધપાટ કરી દે છે.. ગુડીયા હીંબકે ચઢે છે... અને હીંબકા લેતી લેતી જ સુઈ જાય છે. ક્યારેક ઝબકીને જાગી જાય છે અને મમ્મી... મમ્મીની ચીસો પાડ છે. ક્યાં ગઈ એની મમ્મી?... તેની મમ્મી હયાત છે, જીવતી જાગતી છે, હેમખેમ છે, તેને હોસ્પિટલમાં દાખલ કરી નથી કે તે પથારીવશ પણ નથી છતાં દિકરી અને મમ્મીની મુલાકાત કોઈ કરાવી શકતું નથી. કારણ કે મમ્મીએ છૂટાછેડા લીધા છે. સમાજની રાહે... સમાજના કેટલાક આગેવાનોએ ભેગા મળી સમાધાન રૂપે દીકરીનો કબજો પતિને સોંપી, સમાજના રીવાજ મુજબ નાણાંકીય વ્યવહાર કરી બંનેના છુટાછેડા કરાવ્યા છે. પડોશીઓએ ગુડીયાની હાલત જોઈ એકવાર તેની મમ્મી પાસે લઈ જવાનું નક્કી કર્યું. મમ્મીને ફોન કરતાં મમ્મીએ સંભળાવ્યું કે અમારા ડિવોર્સ થઈ ગયા છે, દિકરીની જવાબદારી મારી નથી, એને ખબર પડવા દો છોકરા કેમ સચવાય છે? પ્રશ્ન એ છે કે મા-દિકરીનો સંબંધ આમ સહજ રીતે તુટી શકે? ફકત એકની મરજીથી કોઈ નિર્દોષ જીંદગી સાથે આટલી મોટી રમત થઈ શકે? શો વાંક હોય છે બાળકોનો, જે કોઈપણ કારણ વિના મા કે બાપ બંનેમાંથી કોઈ એકને ગુમાવે છે. કેટલીક વાર નાના-નાની કે દાદા-દાદી પાસે આવા બાળકનો કબજો રહે છે અને સ્ત્રી કે પુરુષ બીજે સંસાર માંડે છે. એક ડિવોર્સ બહેનનો કે.જી.માં ભણતો એક બાળક પ્રશ્ન કરે છે કે મમ્મી, બધાના પપ્પા બાળકોને સ્કુલમાં મુકવા આવે છે તો મારા પપ્પા કેમ નથી આવતા? મારા પપ્પા ક્યાં છે? મમ્મી પાસે આનો કોઈ જવાબ નથી... એક મોર્ડન યુવતિએ પતિ પાસેથી છુટાછેડા લઈ સ્કુલમાં ભણતી પોતાની દીકરી પાછળ વાલી તરીકે પોતાનું નામ લખાવ્યું. વર્ગમાં હાજરી પુરતી વખતે કલાસ ટીચર મીતાલી સોનાલીબેન બોલે એટલે બીજા બાળકો એની મજાક કરે ત્યારે બાળકના મનમાં ઘુમરાતા પ્રશ્નોનો કોઈ સંતોષકારક જવાબ મમ્મી આપી શકતી નથી. એક મમ્મીએ વારંવાર આવો પ્રશ્ન પૂછતા દીકરાને એકવાર કઠોર બનીને કહી દીધું, બેટા તારા પપ્પા ભગવાનના ઘેર ગયા છે. ત્યાં બાળકે પ્રશ્ન કર્યો કે મમ્મી, તો પછી તેમનો હાર પહેરાવેલો ફોટો ઘરમાં કેમ નથી લગાવ્યો? ...ત્યારે મમ્મીએ તેને ઘમકાવી વાતને વાળી લેવા પ્રયત્ન કર્યો.

યાદ રહે બાળક પોતાની મરજીથી આ દુનિયામાં આવતું નથી એના મા-બાપ પસંદ કરવાનો વિકલ્પ પણ તેને મળતો નથી. મા-બાપની ઈચ્છાથી અને મરજીથી જ બાળક આ દુનિયામાં તેમના માધ્યમથી પ્રવેશ કરે છે એકવાર બાળકને જન્મ આપ્યા પછી તેને આ પૃથ્વી પર જીવવાનો અધિકાર છે. એ અધિકારને કોઈ છીનવી ન શકે. ખુદ તેના મા-બાપ પણ નહિં. એટલું જ નહીં તે પગભર ન થાય ત્યાં સુધી તેનું ભરણપોષણ કરવાની ફરજ અને જવાબદારી તેના જન્મદાતાની જ હોય છે. કારણ કે એકવાર તે જન્મ ધારણ કરે પછી તે સંપૂર્ણ તેના માતા-પિતાને આધીન હોય છે. તે લાચાર પરિસ્થિતિમાં પરવશ બની સંપૂર્ણ તમારી મરજી મુજબ વર્તે છે. ત્યારે તેની કોઈ મરજી હોતી નથી ચાહે તેને ધર્માત્મા બનાવો કે પ્રેતાત્મા... એ ક્યારેય તમારી સામે પ્રતિકાર કરતું નથી. એવા લાચાર-અસહાય અને પરાધિન બાળકને ત્યજી તમારી અલગ દુનિયા વસાવવાનો વિચાર માત્ર ક્રૂરતા ભર્યો અને અમાનવીય છે. આવા નિર્દોષ બાળકોને ક્યારેક ક્યરાપેટીમાં, ક્યારેક મંદિરના ઓટલે, ક્યારેક બગીચામાં એકલુ છોડી દેવાય ત્યારે પ્રશ્ન એ થાય છે કે તમારી ભુલની સજા બાળક કેમ ભોગવે? તેનો ગુનો શો? ભૃણહત્યા એ પણ બાળક પ્રત્યે તેના જન્મદાતાની રાક્ષસી મનોવૃત્તિ જ ગણી શકાય. સરકારના અનેક પ્રયત્નો છતાં બાળકીનો ઘટતો જતો જન્મદર એ બાબતની ગવાહી પૂરે છે કે છાને છપને હજુ ભૃણહત્યા થાય છે જ... આવા માતા-પિતા દુનિયાની નજરમાં ભલે છટકી જાય તે ઈશ્વરના ગુનેગાર અવશ્ય બને છે. ઈશ્વરીય અદાલતમાં જયારે તેનો ન્યાય તોળાય ત્યારે બચાવપક્ષની દલીલને કોઈ અવકાશ રહેતો નથી... સીધું જજમેન્ટ આવે છે... આ જજમેન્ટ કોઈ કોર્ટમાં પડકારી શકાતું નથી... યાદ કરો એ મહાભારતના કર્ણને... કુંતિએ કુંવારી અવસ્થામાં તેને જન્મ આપ્યો પણ લોકલાજથી બચવા તેને ગંગામાં વહેતો કરી દીધો પણ નસીબજોગે એ બચી ગયો છતાં આખી જિંદગી તેને કેવું અપમાનિત થવું પડેલું તે વાત અજાણી નથી...

ઝાંસીની રાણી લક્ષ્મીબાઈએ અંગ્રેજો સામેના યુદ્ધમાં પોતાના ત્રણ વર્ષના બાળકને કોઈના હવાલે નહોતું કર્યું. બાળકને પોતાની પીઠ પાછળ બાંધી રણમેદાન સંગ્રામમાં અંત સુધી એને હૈયા સરસો ચાંપી રાખેલો અને આમ તેણે માતૃત્વ નીભાળી જાણ્યું હતું. અરે, પ્રાણીઓ પોતાના સંતાનને જન્મ આપે પછી તેને પાસેથી તેને ભવિષ્યમાં કોઈ અપેક્ષા હોતી નથી છતાં કોઈ એના બચ્ચાને છીનવી લેવા પ્રયત્ન કરે ત્યારે તે હિંસક બની તેનું રક્ષણ કરે છે. તો બુદ્ધિશાળી કહેવાતો માનવ પોતાના અંગત સ્વાર્થ ખાતર પોતાના જ બાળકનો ત્યાગ કઈ રીતે કરી શકે? માતૃત્વ એ તો સ્ત્રીનું આભૂષણ છે. માતૃત્વ પામ્યા પછી જ તેનું નારીત્વ ખીલી ઉઠે છે. નારીત્વ ખીલે પછી જ નારી નારાયણી બને છે. સમાજમાં પ્રેમથી સહજીવન ગાળતા દંપતિ કોઈ નાનકડી વાતમાં જીદે ચઢે અને અલગ થવાનો નિર્ણય કરે ત્યારે પોતાના બાળકોના ભવિષ્યની તેઓ જરાય ચિંતા કરતા નથી. શો વાંક હોય છે નિર્દોષ બાળકોનો? કદાચ માતા કે પિતા જિંદગીની નવી ચોપાટ માંડી નવી બાજી રમવાની શરૂઆત કરે પણ તમારે કારણે કોઈ જીવ જિંદગીના વમળોમાં અટવાય ત્યારે એ માસુમ હૃદયના નિઃશબ્દ નિસાસા ભલે તમને ન સંભળાય પણ તમારા સુખ-ચેન હરી લેવાની તાકાત તે ધરાવે છે.. તમે પાપ કે પુણ્યમાં ભલે ન માનતા હોય પણ આને પાપ કહેવાય છે, અને આવા પાપોનો અતિરેક કુદરતને તાંડવ કરવા મજબૂર કરે છે.